# લેખન કૌશલ્ય માટે માર્ગદર્શક સ્તંભ – ૧

## પત્રલેખન

મિત્રો, તમને થતું હશે કે વૉટસએપ અને ઈમેલના યંત્રયુગમાં પત્રલેખન શીખવાની શી જરૂર? ખરું ને? પણ યાદ રાખો કે, આપણા હૃદયની ભાવનાને શબ્દરૂપે વ્યક્ત કરવાનું કૌશલ્ય મેળવવા પત્રલેખન આવશ્યક જ નહિ, અનિવાર્ય છે. આપણાથી જોજનો દૂર રહેતા આપણા સ્વજનો સાથે હૃદયની લાગણીઓનું આદાનપ્રદાન પત્ર દ્વારા જ શક્ય બને. પણ હા, આજના યુગના સંદર્ભે તેના સ્વરૂપ વિશે ચોક્કસ વિચારવું જ રહ્યું.

નવમા ધોરણ સુધી તમે પારંપરિક પદ્ધતિથી જ પત્રલેખન શીખ્યા છો. પણ હવે પછી સ્પર્ધાત્મક યુગમાં તમારે તમારી કારકિર્દી ઉજ્જવળ બનાવવાની છે તેથી તંત્રયુગ સાથે કદમ મિલાવવા પણ અનિવાર્ય છે. માટે જ આ વર્ષે આપણે પત્રલેખનનું કૌશલ્ય ઈ-મેલની પદ્ધતિથી શીખીશું.

આપણે ઔપચારિક અને અનૌપચારિક એમ બે પ્રકારના પત્રો શીખવાના હોવાથી તેમની વચ્ચેનો તફાવત સમજી લઈએ.

| ક્રમ | ઔપચારિક પત્ર | ક્રમ | અનૌપચારિક પત્ર |
|---|---|---|---|
| ૧. | સરકારી/બિનસરકારી કાર્યાલયોમાં, ખાનગી કંપનીઓને, પ્રકાશકો કે બોર્ડને વિનંતી / માગણી/ફરિયાદ/અભિપ્રાય માટે પત્રો લખો. | ૧. | માતા, પિતા, ભાઈ, બહેન, કાકા, મામા, માસી, ફઈ, મિત્રો, સ્નેહી વગેરેને લખાય. |
| ૨. | વિષય ફરજિયાત લખવો પડે. | ૨. | વિષય લખવાની જરૂર નથી. |
| ૩. | નિયમાનુસાર જ લખાય. | ૩. | નિયમોનું બંધન હોતું નથી. |
| ૪. | વિષયાનુરૂપ સંક્ષેપમાં લખાણ. | ૪. | આ પત્રો લાંબા પણ હોઈ શકે. |
| ૫. | અંતમાં ડાબી બાજુએ પત્ર લખનારનું સરનામું લખવું આવશ્યક છે. | ૫. | અંતમાં ડાબી બાજુએ પત્ર લખનારનું સરનામું લખવું આવશ્યક છે. |
| ૬. | સંબોધનની પછી જેને લખતા હોય તેનું સરનામું અનિવાર્ય. | ૬. | સંબોધન પછી સરનામાની જરૂર નથી. |
| ૭. | સમાપનમાં આભાર કે વિનંતી. | ૭. | સમાપનમાં હૃદયની ભાવના. |

## વાર્તાલેખન

☞ **વાર્તાલેખન કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

❒ વાર્તાનું લેખન કોઈપણ કાળમાં થઈ શકે. એક જ વાર્તામાં એકથી વધારે કાળનો ઉપયોગ પણ થઈ શકે. પરંતુ તેમાં વિશેષ મહત્ત્વ છે ક્રમિકતા જાળવવાનું. ❒ વાર્તામાંથી બોધ મળે છે. પરંતુ જો બોધ ન મળતો હોય તો પણ આનંદ તો અવશ્ય મળે જ છે. ❒ વાર્તાની શરૂઆત અને અંત એકબીજા સાથે સંકળાયેલા હોય તે જરૂરી છે. ❒ વાર્તાની લંબાઈ માટે પણ કોઈ બંધન નથી. પણ તેના વિષયવસ્તુની પ્રવાહિતા જળવાવી જોઈએ. ❒ વિષયવસ્તુ પ્રમાણે અને તેના પાત્રને અનુરૂપ ભાષાશૈલી જરૂરી છે. ❒ વાર્તામાં બોલીભાષાનો ઉપયોગ થઈ શકે પણ અન્ય ભાષાનો ઉપયોગ ટાળવો. ❒ વાર્તાનું સાચું સૌંદર્ય જળવાવું જોઈએ. ❒ વાર્તાના મુખ્ય પાત્ર, પ્રસંગ કે બોધને ધ્યાનમાં રાખી નાનું પણ આકર્ષક શીર્ષક આપવું. ❒ વાર્તા પરિચ્છેદ પાડીને જ લખવી. અને વિરામચિહ્નોનો યોગ્ય ઉપયોગ કરવો. વાર્તાની રૂપરેખા તૈયાર કરવી અને પછી એ રૂપરેખાનો વિસ્તાર કરવાથી પ્રવાહિતા અને ક્રમિકતા બંને જળવાશે. ❒ વાર્તામાં આવતા પાત્રોની વાતચીત સંવાદરૂપે લખવાથી વાર્તા આકર્ષક બને. ❒ વાર્તાનો આરંભ આકર્ષક અને અસરકારક હોય તો અંત ચમત્કારી, નવાઈભર્યો, ઉપદેશાત્મક, સૂત્રાત્મક કે પછી આનંદદાયક હોય એ ઈચ્છનીય છે.

☞ **વાર્તાલેખન જુદી જુદી રીતે પૂછી શકાય :**

❍ મુદ્દા ઉપરથી વાર્તા લખો.❍ અધૂરી વાર્તા પૂરી કરો. ❍ વાર્તાનો અંત બદલો. ❍ ચિત્રોનું નિરીક્ષણ કરી વાર્તા બનાવો. ❍ આપેલા શબ્દોનું અનુસંધાન સાંધીને વાર્તા બનાવો વગેરે વગેરે.

# લેખન કૌશલ્ય માટે માર્ગદર્શક સ્તંભ - ૨

## અનૌપચારિક પત્રનો નમૂનો

તમારા જન્મદિવસ નિમિત્તે તમારા મામાએ તમને એક મોબાઈલ ફોન ભેટ તરીકે મોકલ્યો છે. તેમનો આભાર માનતો પત્ર મામાને લખો.

તા. ૧।૧।૨૦૧૮

પૂ. વડીલ મામા-મામી,

આપ સહુની કુશળતા ચાહતા અમે સર્વે કુશળ છીએ. પ્રકાશની ખૂબજ યાદ આવે છે.

મામા, આપે મોકલેલી મારા જન્મદિવસની ભેટ જોઈને હું એટલી નાચી ઊઠી કે મમ્મીને પકડીને ગોળગોળ ફરવા લાગી હતી. ખરેખર, મામા-મામી તમારો ખૂબખૂબ આભાર.

હું છેલ્લા છ મહિનાથી મમ્મી-પપ્પાને મોબાઈલ લઈ આપવાનું કહેતી હતી. પરંતુ તેમણે કહ્યું કે, 'એસ.એસ.સી.માં સારા ગુણ લાવી પાસ થઈશ પછી અપાવીશું.' મામા તમે મોકલેલા મોબાઈલનો હું સારામાં સારો ઉપયોગ કરીશ. પરીક્ષામાં સારા ગુણ મેળવી પાસ થઈને મમ્મી-પપ્પાની ઈચ્છા પણ જરૂર પૂરી કરીશ.

મારા મમ્મી તમને બધાને ખૂબજ યાદ કરે છે. પપ્પાએ ખાસ લખાવ્યું છે કે, આ વર્ષે ઉનાળાની રજાઓમાં તમારે બધાએ અહીં આવવાનું છે. મે મહિનામાં આવતો પ્રકાશનો જન્મદિવસ આપણે સાથે અહીં જ ઉજવશું. પ્રકાશને મારી યાદ આપશો.

મામા-મામી, ફરી એકવાર હૃદયપૂર્વક આભાર. કામકાજ હોય તો ચોક્કસ જણાવશો.

લિ. આપની ભાણેજ,
હિયાના પ્રણામ.
૭, હિરા ભુવન, ગાંધીનગર,
ઘાટકોપર વેસ્ટ, મુંબઈ ૪૦૦ ૦૮૬.

---

## ઔપચારિક પત્રનો નમૂનો

તમારા લીવીંગ સર્ટિફિકેટની માંગણી કરતો પત્ર શાળાના મુખ્યાધ્યાપકને લખો.

તા. ૧।૧।૨૦૧૮

પ્રતિ,
મુખ્યાધ્યાપક,
સર્વોદય વિદ્યાલય,
ઘાટકોપર.
**વિષય : સ્કૂલ લીવીંગ સર્ટિફિકેટની માંગણી**
માનનીય ગુરુવર્ય,
સાદર પ્રણામ !

હું આપની શાળામાં ધોરણ ૧૦માં ભણતી વિદ્યાર્થિની છું. મારા પિતાની માંદગીને કારણે અમારે અચાનક જ અમદાવાદ આવવું પડ્યું છે. અહીં આવ્યા પછી તેમની તબિયતમાં સારો એવો ઝડપી સુધારો થયો છે. તેથી અમે હમણાં કેટલોક સમય અમદાવાદમાં જ રહેવાના છીએ.

હવે મારે અહીંની કોઈ શાળામાં પ્રવેશ લેવો પડશે. દસમા ધોરણના છેલ્લા વર્ષે શાળા છોડવાનું મને ઘણું દુઃખ થાય છે પણ પરિસ્થિતિ આગળ લાચાર છું. હું અહીંની 'શારદા વિદ્યાલય'માં પ્રવેશ લેવાની છું. તો આપને મારું લીવીંગ સર્ટિફિકેટ નીચેના સરનામે ત્વરિત મોકલવા નમ્ર વિનંતી કરું છું.

આપના આશીર્વાદથી હું અહીં ખૂબ અભ્યાસ કરીને આપણી શાળાનું નામ રોશન કરીશ તેવી ખાતરી આપું છું.
તકલીફ બદલ ક્ષમા !
**લિ. આપની વિશ્વાસુ વિદ્યાર્થિની,**
સૃષ્ટિ શાહ
૫૦૪, 'મંથન',
વટવા, અમદાવાદ.
shrustishah9@gmail.com

★ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરી એક વાર્તા લખો.

